ક્રમાંક :-મઉમશબ/માધ્યમિક/જે/3679
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ, સેકટર-10-બી,
સચિવાલય પાસે, ગાંધીનગર.
તા.18/11/2019

પ્રતિ,
આચાર્યશ્રી, (તમામ)
રજીસ્ટર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
ગુજરાત રાજ્ય.

**વિષય:-** માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના તમામ પ્રવાહના પરિરૂપ અંગે સ્પષ્ટતા કરવા બાબત.

**સંદર્ભ:-** તત્કાલિન અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડના તા.29/02/2005નો પત્ર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે તમામ સંબંધિતોનું ધ્યાન દોરી જણાવવાનું કે, સંદર્ભના તા.29/12/2005ના પત્રની નકલ સામેલ છે. માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના તમામ પ્રવાહના પરિરૂપ અંગે સ્પષ્ટતા પાઠવવામાં આવેલ હોવા છતાં આ બાબતે કેટલીક ગેરસમજ પ્રવર્તતી હોવાથી ઉપરોકત સૂચના પુન: આપતા ધ્યાન ઉપર લાવવામાં આવે છે.

બોર્ડ દ્વારા લેવામાં આવતી જાહેર પરીક્ષાઓના સંદર્ભમાં જ્યારે જ્યારે નવા પાઠ્યપુસ્તકો બદલાય છે અને અથવા પરીક્ષા પદ્ધતિ બદલાય છે ત્યારે જે-તે પ્રશ્નપત્રનું પરિરૂપ અને નમૂનાનું પ્રશ્નપત્ર તમામની જાણ સારું પરિપત્રિત કરવામાં આવે છે. બોર્ડના સામાયિક "માધ્યમિક શિક્ષણ પરીક્ષણ" માં આ બાબત પ્રસિદ્ધ કરવામાં આવે છે. નમૂનાના પ્રશ્નપત્રની સાથે તેની બ્લ્યૂ પ્રિન્ટ પણ આપવામાં આવે છે. શાળા કક્ષાએ અને વિદ્યાર્થી કક્ષાએ બ્લ્યૂ પ્રિન્ટ અને પ્રશ્નપત્રના માળખા બાબતે એવી ગેરસમજ ફેલાયેલ છે કે નમૂનાના પ્રશ્નપ્રત્ર પ્રમાણે જે-તે પ્રકરણ (પાઠ) માંથી એ જ પ્રકારનો (type of question) અને તેટલા જ ગુણનો પ્રશ્ન પુછાશે.

આ અંગે સ્પષ્ટતા કરવાની કે પ્રશ્નપત્રનું માળખું પ્રશ્નપત્રનું સ્વરૂપ દર્શાવે છે. અને બ્લ્યૂ પ્રિન્ટ એ જે-તે વર્ષે તૈયાર કરેલ પ્રશ્નપત્રનું પૃથ્થકરણ દર્શાવે છે. એ જ વિષયની જુદા-જુદા પ્રશ્નપત્રોની બ્લ્યૂ પ્રિન્ટ જુદી-જુદી હોઇ શકે. બોર્ડના પરિપત્રોની સાથે આપવામાં આવેલ નમૂનાનું પ્રશ્નપત્ર અને બ્લ્યૂ પ્રિન્ટ એ નમૂના માટેનું છે.

C:\USERS\HP\DESKTOP\આચાર્યશ્રી બાબત..DOCX

Scanned by CamScanner

ખાસ સ્પષ્ટતા કરવાની કે જે-તે વિષયના વિષય વસ્તુ ઉપર પ્રકરણ વાર/યુનિટ વાર ગુણભારાંક ફાળવેલ છે તેને આધારિત તે પ્રકરણમાંથી નિબંધ પ્રકારના પ્રશ્નો/ટૂંકા પ્રશ્નો/અતિ ટૂંકા પ્રશ્નો/ હેતુલક્ષી પ્રશ્નો એમ વિવિધ પ્રકારના પ્રશ્નો પૈકી પ્રકરણના ગુણભારાંક આધારે ગમે તે પ્રકારનો પ્રશ્ન પૂછી શકાય. દા.ત. કોઇ એક વિષયમાં પ્રકરણના ગુણભારાંકના આધારે પાંચ ગુણનો ભારાંક આપવામાં આવેલ હોય તો એક પ્રશ્નપત્રમાં તે પ્રકરણ ઉપર આધારિત પાંચ ગુણનો નિબંધ પ્રકારનો પ્રશ્ન પૂછેલ હોય અને બીજા પ્રશ્નપત્રમાં તે પ્રકરણ ઉપર આધારીત બીજા કોઇપણ પ્રકારનો પ્રશ્નો પૂછી શકાય એટલે કે દર વખતે તે પ્રકરણમાંથી જ નિબંધ પ્રકારનો પ્રશ્ન પૂછાશે તેવી ગેરસમજ ન રાખતા તે જ વિષયના અન્ય પ્રશ્નપત્રમાં તે જ પ્રકરણમાંથી પાંચ ગુણના નિબંધ પ્રકારના પ્રશ્નો, ટૂંકા પ્રશ્નો, અતિ ટૂંકા પ્રશ્નો અને હેતુલક્ષી પ્રશ્નો પૈકી ગમે તે પ્રકારના પ્રશ્નો પૂછી શકાય. આ અંગે સૌ આચાર્યમિત્રો અને શિક્ષક મિત્રોએ ધો.10 અને ધો.12 ના વિદ્યાર્થીઓને આ બાબતે સ્પષ્ટતા કરવી જેથી વિદ્યાર્થીઓમાં ખોટી ગેરસમજ રહે નહીં અને આ મુજબ જ વાર્ષિક પરીક્ષા માટેની તૈયારી વિધાર્થીઓને કરાવવી.

ક્રમાંક /માધ્ય-ડી/૨૦૨૧/૪૯૬૩૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૨-૧૨-૨૦૨૧

નકલ રવાના ભાગ તથા અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.

પ્રતિ, ~~આચાર્યશ્રી~~
આચાર્યશ્રી
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ
મા. તથા ઉ.મા. શાળાઓ તમામ,
બનાસકાંઠા જિલ્લો.

Scanned by CamScanner

ક્રમાંક:મઉમશબ/ક/૨૦૦૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૯/૧૨/૨૦૦૫.

પ્રતિ,
આચાર્યશ્રી,
રજીસ્ટર ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, (તમામ)
ગુજરાત રાજ્ય.

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ તમામ પ્રવાહના નવા પરીરૂપની [illegible]અંગે.**

શ્રીમાન,

ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનુ કે, બોર્ડ દ્વારા ધોરણ-૧૨ તમામ પ્રવાહમાં માર્ચ-૨૦૦૬થી Balanced Question Paper ની સ્કીમ અમલમાં આવનાર છે. અને આ અંગે દરેક શાળાઓને સંતુલીત પ્રશ્નપત્ર સંપૂટ ઓગષ્ટ માસમાં મોકલવામાં આવેલ છે. જેમાં નમુનાના પ્રશ્નપત્ર અને બ્લ્યૂ પ્રિન્ટ આપવામાં આવેલ છે. જેમાં શાળા કક્ષાએ અને વિદ્યાર્થી કક્ષાએ બ્લ્યૂ પ્રિન્ટ અને પ્રશ્નપત્રના માળખા બાબતે એવી ગેરસમજ ફેલાયેલ છે કે નમૂના પ્રશ્નપત્ર પ્રમાણે જે તે પ્રકરણ (પાઠ) માંથી એજ પ્રકારનો ( Type of Question ) પ્રશ્ન પૂછાશે. આ અંગે સ્પષ્ટતા કરવાની કે પ્રશ્નપત્રનુ માળખું એ પ્રશ્નપત્રનું સ્વરૂપ દર્શાવે છે અને બ્લ્યૂ પ્રિન્ટએ જે તે પ્રશ્નપત્રનુ પૃથ્થકરણ દર્શાવે છે. આથી સંતુલીત પ્રશ્નપત્ર સંપૂટમાં આપવામાં આવેલ પ્રશ્નપત્રો અને બ્લ્યૂ પ્રિન્ટ નમૂનાના છે. ઉકત પ્રશ્નપત્ર સંપૂટમાં દરેક વિષયોમાં એક કરતાં વધારે પ્રશ્નપત્રો આપવામાં આવેલ છે જે જોતાં પણ આવી કોઈ ગેરસમજ થઈ શકે તેમ નથી.

ખાસ સ્પષ્ટતા કરાવાની કે જે તે વિષયના વિષય વસ્તુ ઉપર પ્રકરણ વાર / યુનિટ વાર ગુણભારાંક ફાળવેલ છે તેને આધારીત તે પ્રકરણમાંથી નિબંધ પ્રકારના પ્રશ્નો / ટૂંકા પ્રશ્નો / અતિ ટૂંકા પ્રશ્નો / હેતુલક્ષી પ્રશ્નો એમ વિવિધ પ્રકારના પ્રશ્નો પૈકી પ્રકરણના ગુણભારાંક આધારે ગમે તે પ્રકારનો પ્રશ્ન પૂછી શકાય. દા.ત. કોઈ એક વિષયમાં પ્રકરણના ગુણભારાંકના આધારે પાંચ ગુણનો ભારાંક આપવામાં આવેલ હોય તો એક પ્રશ્નપત્રમાં તે પ્રકરણ ઉપર આધારીત પાંચ ગુણનો નિબંધ પ્રકારનો પ્રશ્ન પૂછેલ હોય અને બીજા પ્રશ્નપત્રમાં તે પ્રકરણ ઉપર આધારીત બીજા કોઈપણ પ્રકારનો પ્રશ્નો પૂછી શકાય એટલે કે દર વખતે તે પ્રકરણ માંથી જ નિબંધ પ્રકારનો પ્રશ્ન પૂછાશે તેવી ગેરસમજ ન રાખતા તેજ વિષયના નવા પ્રશ્નપત્રમાં તેજ પ્રકરણમાંથી પાંચ ગુણના નિબંધ પ્રકારના પ્રશ્નો, ટૂંકા પ્રશ્નો, અતિ ટૂંકા પ્રશ્નો અને હેતુલક્ષી પ્રશ્નો પૈકી ગમે તે પ્રકારના પ્રશ્નો પૂછી શકાય. આ સાથે વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) વિષયની બે જુદા જુદા પ્રશ્નપત્રોની બ્લ્યૂ પ્રિન્ટ આપવામાં આવેલ છે. દા.ત. એક બ્લ્યૂ પ્રિન્ટમાં પ્રકરણ-૧ સંચાલન-ખ્યાલ-હેતુ-મહત્વમાંથી એક પ્રકારના પ્રશ્નપત્રમાં એક ગુણનો એક હેતુલક્ષી પ્રશ્ન જ્ઞાન ચકાસતો , એક ગુણનો એક હેતુલક્ષી પ્રશ્ન સમજ ચકાસતો અને બે ગુણનો એક પ્રશ્ન ઉપયોજન ચકાસતો પૂછેલ છે. બીજી બ્લ્યૂ પ્રિન્ટમાં તેજ પ્રકરણમાંથી એક ગુણનો એક હેતુલક્ષી પ્રશ્ન સમજ ચકાસતો, એક ગુણનો એક હેતુલક્ષી પ્રશ્ન ઉપયોજન ચકાસતો અને બે ગુણનો એક અતિ ટૂંકો પ્રશ્ન કૌશલ્ય ચકાસતો પૂછેલ છે. આ અંગે સૌ આચાર્યમિત્રો અને શિક્ષક મિત્રોએ ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને સ્પષ્ટતા કરવી જેથી વિદ્યાર્થીઓમાં ખોટી ગેરસમજ રહે નહી અને આ મુજબ જ ધોરણ-૧૨ની વાર્ષિક પરીક્ષા માટેની તૈયારી વિદ્યાર્થીઓને કરાવવી.

(હસમુખ હિંગુ)
અધ્યક્ષ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ : વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) વિષયના બે જુદા જુદા પ્રશ્નપત્રોની બ્લ્યૂ પ્રિન્ટનો નમૂનો.

નકલ રવાના :

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.
આપના તાબા હેઠળની તમામ રજીસ્ટર ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગેનો પરિપત્ર કરવા તેમજ

Scanned by CamScanner